# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઇ તમને પણ ઇચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઇક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in




# પ્રિય સન્નારી


કેમ છો? મજામાં ને?

લગ્નજીવન વિશ્વાસની દોરીથી બંધાયેલું હોય છે. એક સ્ત્રી જયારે લગ્ન કરીને પોતાનું બધું પાછળ છોડીને બીજા ઘરમાં આવે છે ત્યારે તેને, તેના પરિવારને સામા પક્ષ પ્રત્યે એક વિશ્વાસ હોય છે. બસ, એ વિશ્વાસના આધારે તે નવી જિંદગીની શરૂઆત કરે છે. બીજી બાજુ, આટલો જ વિશ્વાસ પુરુષ પણ મૂકે છે ત્યારે જ તો તે થોડા મહિનાઓ પહેલાં અજાણી સ્ત્રીને કાયમ માટેની જીવનસાથી તરીકેની પસંદગી કરીને પોતાના ઘરમાં, પોતાના જીવનમાં પ્રવેશ આપે છે. જયારે આ વિશ્વાસ તૂટે ત્યારે માણસ તૂટી જાય છે, તેનું ઘર વેર-વિખેર થઇ જાય છે.



સ્ત્રીને તેના પતિ તરફથી કે સાસરિયાં તરફથી હેરાનગતિ થતી હોય, શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોય તો તેની સુરક્ષા માટે આપણી પાસે ઘણા કાયદાઓ છે. જેના આધારે તે બધાં સામે લડત આપી શકે છે અને પોતાનું અને પોતાનાં બાળકોનું ભવિષ્ય પણ સુરક્ષિત કરી શકે છે. બસ એક પોલીસ ફરિયાદ નોંધાવીને તે તેના પતિ અને સાસરિયાંને જેલ સુધી પહોંચાડી શકે છે. આમ, સમાજે નારીને અબળા સમજીને તેને સામાજિક અને ન્યાયિક સુરક્ષા મળે તે માટે ઘણા કાયદાઓ બનાવ્યા છે અને જરૂર પડે ત્યારે સ્ત્રીએ તેનો ઉપયોગ પણ કરવો જોઈએ. પરંતુ એવી કેટલીક સ્ત્રીઓ પણ છે જે સ્ત્રીની સુરક્ષા અને સલામતી માટે ઘડાયેલા કાયદાનો દુરુપયોગ કરે છે.

સમાજમાં એવી કેટલીક સ્ત્રીઓ છે જે ફક્ત વ્યક્તિગત ફાયદા માટે કે પછી પતિ અને સાસરિયાંઓનું નાક દબાવવા માટે કાયદાઓનો દુરુપયોગ કરે છે અને વળી, સમાજ અને અન્ય સંસ્થાઓ પણ સ્ત્રીને જ હંમેશાં ‘બિચારી’ તરીકે જુએ છે અને દોષ પતિ અને સાસરિયાંઓનો જ હશે એમ માની લે છે. પુરુષને પોતાનો બચાવ કરવા કોઈ તક જ આપતું નથી. ધારો કે કોઈ સ્ત્રી અને પુરુષ સાથે ઊભાં છે અને સ્ત્રી અચાનક ચીસાચીસ કરી મૂકે તો આજુબાજુના લોકો મળીને પુરુષની ધોલાઈ જ કરી નાખે! તેને કોઈ પૂછશે પણ નહિ કે તેને પોતાની વાત મૂકવાની તક પણ આપશે નહિ. લોકો સીધું માની જ લેશે કે ચોક્કસ પુરુષે જ સ્ત્રી સાથે અયોગ્ય વર્તન કર્યું હશે. ક્યારેક પુરુષનો કે સાસરિયાંનો પક્ષ પણ સાંભળવો જરૂરી બની જાય છે. ક્યારેક સ્ત્રી પોતાની ગેરવ્યાજબી માંગણી પૂરી કરવા માટે તો ક્યારેક ઘરકામ ન કરવાનાં જુદાં જુદાં બહાનાં હેઠળ પતિ અને તેના પરિવાર સાથે અયોગ્ય વ્યવહાર કરે છે. તેમને પોતે આત્મહત્યા કરી લેશે એવી ધમકી આપે છે, તો ક્યારેક પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપે છે. આમ, જુદી જુદી રીતે તેમને ઈમોશનલી બ્લેકમેલ કરીને પોતાનું ધાર્યું કરાવે છે.





કેટલાક પરિવારોના તો કોર્ટમાં કેસ પણ ચાલતા હોય છે. મોટાભાગના ડિવોર્સના કેસમાં પતિએ છૂટાછેડા માટે પત્નીને અમુક રકમ એટલે કે એલ્મની આપવી પડે છે. આવા સમયે અમુક પત્નીઓ સાસરિયાંની મિલકતમાં પણ હિસ્સો માંગે છે. આવી પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે ઘણી વાર પુરુષ પોતાના હિસ્સાની મિલકત વેચી દે છે અથવા બીજાના નામ પર ટ્રાન્સફર કરી દે છે જેથી પત્ની તેને છૂટાછેડા લેવામાં વધારે હેરાન ન કરે અને તેને વારસાગત મિલકત આપવી ન પડે. આમ, સ્ત્રી જો તેને આપેલી સુરક્ષાનો દુરુપયોગ કરવા માંડે તો પુરુષનું સંપૂર્ણ ઘર અને જીવન વેર-વિખેર થઈ જાય છે. પુરુષ પણ શારીરિક અને માનસિક યાતનાનો ભોગ બને છે પરંતુ, આપણા કાયદાઓ પુરુષના પક્ષમાં હોતા નથી. તે સ્ત્રીની જ વાત પહેલાં સાંભળે છે અને સમાજ તો સ્ત્રીને જ વાત સાચી માનીને પુરુષ અને તેના પરિવારને દોષી ગણવા લાગે છે.

આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ કે હંમેશાં પુરુષ જ દોષી હોય તે જરૂરી નથી. ક્યારેક સ્ત્રીનો પણ દોષ હોય શકે છે. આમાં થોડું આગળ કહીએ તો, પુરુષ અને સ્ત્રીને સમાન દ્રષ્ટિકોણથી જોવાનું વલણ આપણા સમાજમાં નથી અને કાયદામાં તો બિલકુલ પણ નથી. એટલે જ્યાં કાયદાકીય સુરક્ષાની વાત આવે ત્યાં સ્ત્રીનો પક્ષ હવે વધારે મજબૂત થઇ ગયો છે. સ્ત્રી અને પુરુષને સમાન દ્રષ્ટિકોણથી જોવાનું વલણ આપણે કેળવવું જોઈએ. આપણે સમજવું જોઈએ કે ક્યારેક દોષ સ્ત્રીનો પણ હોય શકે. એવું પણ બનતું હોય કે શારીરિક અને માનસિક ત્રાસનો ભોગ સ્ત્રી નહિ પણ પુરુષ બનતો હોય છે. આવી પરિસ્થિતિમાં પુરુષને સહાયરૂપ થાય તેવા કાયદાઓ ઘડવાની જરૂર છે. જેથી તેઓ પણ પોતાની અને પોતાના પરિવારની સુરક્ષા કરી શકે. તમને શું લાગે છે? તમારા વિચાર જણાવજો. આવજો... ફરી મળીશું આવતા સપ્તાહે...

- સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **ટિવન્કલ ખાટીવાળાની** છે. એ વર્કિંગ વુમન છે. ટિવન્કલને યોગા, મ્યુઝિક, નવી નવી વસ્તુઓ એક્સપ્લોર કરવામાં અને દરરોજ નવું શીખવામાં રુચિ છે. તેઓ માને છે કે દરરોજ પોતાને માટે 15 મિનિટ કાઢવી કોઈ લક્ઝરી નથી પરંતુ મહિલાઓ માટે સ્ટ્રેસ મેનેજ કરવા, માનસિક સ્વાસ્થ્ય સુધારવા અને બર્નઆઉટથી બચવા માટે જરૂરિયાત છે.